July 2022

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

જ્ઞાન * દર્શન * ચારિત્ર

શ્રી પાટણ જૈન મંડળ ESTD. 1912

સેવા * સહકાર * સંગઠન

Year 17 ● Issue 10 / 197


● Mumbai ● Page 16 ● Price Rs. 2/-

● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



**જૈનત્વના સિદ્ધાંતોને સમર્પિત પાટણ જૈન સમાજના પરિવારોને પ્રણામ !**

ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે, આપણાં પૂજ્ય ગુરુદેવની જ્ઞાનવાણીની વહેતી ધારા અમૃતજળનું સિંચન કરી રહી છે. જન જનની આત્મધરાને અનન્ય અનુભૂતિ કરાવી રહ્યા છે. જ્ઞાનની જ્યોત જલાવીને પૂજ્ય ગુરુ ભગવંતની શુભ ઓરા અને પવિત્ર સાંનિધ્યમાં નાના-મોટા સહુ ધર્મ આરાધકો તપ, જપ અને સંયમ દ્વારા ભીતરની ભાવનાથી ભીના ભીના થઈ રહ્યા છે, આપ સર્વેની અનુમોદના અને સુખ - શાતામાં રહીને ભાવિત બનો. તેવી શુભકામના...

પ્યારા મિત્રો, સમય પાંખ લગાવીને અબાધ ગતિએ પસાર થઈ રહ્યો છે, આપની સમક્ષ મારી લાગણીઓ, ભાવનાઓ તેમજ વિચારોને વહેતા રાખવા મને ગમે છે, તેનું એક કારણ માત્ર એકજ છે કે સમગ્ર પાટણ સમાજે મારામાં જે વિશ્વાસ મૂક્યો છે, સાથે સાથે બધી કમિટિઓ સતત મહેનત અને અથાગ પરિશ્રમ દ્વારા તેઓને સોંપેલી જવાબદારી કુશળતાપૂર્વક વહન કરી રહ્યા છે તે ખૂબ જ ગૌરવ લેવા જેવી બાબત છે, કમિટિના બધાજ હોદ્દેદારો અને તેમની ટીમ 'તાલ સે તાલ' મિલાવીને સમાજ માટે કાર્યરત છે.

આપણાં સ્વસ્થ સમાજ માટે મેડિક્લેઈમ પોલીસી યોજનાને આખરી ઓપ અપાઈ ગયેલ છે, જે સમગ્ર સમાજ માટે ખૂબજ યોગ્ય અને ફાયદાકારક છે. વધુમાં વધુ કુટુંબો આ યોજનામાં જોડાય તેવી અમારી ભાવના છે. પોલીસી બે પ્રકારની તૈયાર કરવામાં આવી છે **(૧) આરોગ્ય પ્લસ રિટેલ પોલીસી જેમાં સમાજના ૫૫ વર્ષ સુધીના પરિવારોનો સમાવેશ કરવામાં આવશે. (૨) બીજી ગ્રુપ પોલીસી જેમાં ૫૬ વર્ષથી ૮૦ વર્ષ સુધીનાં સભ્યો જોડાઈ શકે છે.**

આપણી સંસ્થામાં સર્વપ્રથમ વખત આવી ઉત્તમ મેડિક્લેઈમ પોલીસીની યોજના તૈયાર કરવામાં આવી છે. જેની સંપૂર્ણ માહિતી આપને પાના નં. ૦૫ પર મળશે. **ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ શાહ (સાલવી), મેડિકલ સમિતિના માનદ્મંત્રી શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)** તથા સમિતિના સક્રિય સભ્ય **શ્રી હેમંતભાઈ જે. શાહ** સાથે ટીમનાં સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવારજનો માત્ર મુંબઈમાં જ નહીં પણ દેશ-વિદેશમાં વસતાં બધાં માટે દસ વર્ષ બાદ સંપૂર્ણ નવા રૂપરંગ સાથે વસતિપત્રક તૈયાર કરવામાં આવી રહ્યું છે. આનો ફાયદો એ થશે કે સમાજનાં બધાં જ લોકો વસતીપત્રક દ્વારા એકબીજાને જાણી શકશે. ઓળખી શકશે. જેનાં દ્વારા ધંધાકીય ક્ષેત્રમાં, કે યુવક-યુવતીના વિવાહ સમયે પણ એકબીજાની નજીક આવી શકશે. દરેક મહોલ્લાનાં પરિવારો પણ એકબીજા સાથે આત્મીયતાથી મળી શકશે. વિશેષ પ્રકારે નવી યુવા પેઢીને પણ ઉપયોગી બનશે તેવી મને ખાત્રી છે. જે પરિવારોએ હજુ સુધી વસતિપત્રકના ફોર્મ ના ભર્યા હોય તો હવે સમય ઓછો છે, તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ એન્ટ્રી બંધ કરવામાં આવેલ. **નવા યુગની આધુનિકતામાં ડિજિટલ એપ દ્વારા પણ માત્ર એક બટન ક્લીક કરવાથી તમને જોઈએ તે પરિવારની માહિતી મળી જશે.** અત્યારસુધી સંસ્થામાં લગભગ ૧૮૦૦થી વધુ પરિવારોના ફિઝીકલ ફોર્મ તથા ૫૦૦ થી વધુ પરિવારોના ઓનલાઈન ફોર્મ ભરાઈને આવેલ છે.

આ વસતિપત્રકમાં સમાજનાં વેપારી વર્ગને આગ્રહભરી વિનંતી છે કે, આપ સહુ જરૂરથી આપની એક ફરજ સમજીને ફુલ પેજ - હાફ પેજ અથવા ક્વાટર પેજની જાહેરખબર આપી આર્થિક સહયોગ આપશો તો જરૂર ગમશે.

જાહેરખબર તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૨ સુધીમાં સંસ્થાની ઓફિસમાં મોકલી આપશોજી. વસતિપત્રકનું આ ભગીરથ કાર્ય **'સાથી હાથ બઢાના'** જેવું છે. જો આપ સહુ ઉદાર દિલથી સમયસર સાથ-સહકાર આપશો તો સમાજની ઉન્નતિમાં આપનો ફાળો નોંધનીય રહેશે.

o ''શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી'' પરિવારના સૌજન્યથી તા. ૨૧ ઓગસ્ટનાં રોજ ભક્તિગીત સાથે વ્યાખ્યાન રાખવામાં આવેલ છે.

o સપ્ટેમ્બર માસમાં વિર્લેપાર્લા ખાતે દાંડિયા રાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

**વધુ માટે જુઓ પાના નં. ૨**

પાના નં. ૧ થી ચાલુ

o આ ઉપરાંત જૂહુ - હોટેલ તુલીપ સ્ટારમાં ''ટ્રેડફેર''ના આયોજનમાં સ્ટોલ બુકીંગમાં ખૂબજ સારો પ્રતિસાદ મળ્યો છે. તેનો આનંદ છે.

આ સિવાય **''મેડિકલ સેન્ટર''** તથા **''હોલી ડે હોમ''ના** પ્રોજક્ટની તૈયારી પૂર્ણ થવાને આરે છે. જેની વધુ માહિતી સપ્ટેમ્બર બાદ આપવામાં આવશે.

Grass Root Level થી Social Work ચાલી રહ્યું છે, વિતેલા ચાર મહિનાનું પરિણામ અમને જોવા મળ્યું છે કે, સમાજનાં દૂર દૂર થઈ ગયેલાં આપણાં સ્વજનો હવે બિલકુલ એકબીજાની નિકટ આવી રહ્યા છે, મને આનંદ છે કે સમાજના બધા જ કુટુંબો ઉત્સાહ અને ઉમંગથી કાર્યક્રમોમાં ભાગ લે છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ નજીકમાં જ આવી રહ્યા છે.

**''નમીએ, ખમીએ અને એકબીજા સાથે પ્રેમથી રહીએ''**

❑ **દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**




**અપરિણિત છોકરાઓ અને છોકરીઓ**

We plan to have a one-day picnic for our Young & Dynamic Elligble Patni Boys & Girls.
Requesting all the eligible bachelors to fill the Jeevan Mahek form by clicking on the above Link

# SAVE THE DATE
# 17-09-2022 - DANDIYA RAAS

## KKK કનાસા કલ્યાણ કેન્દ્રના ૧૭માં વર્ષમાં સોનેરી પ્રવેશના વધામણા KKK

**'સ્વાવલંબનથી સ્વસ્થ સમાજ'** બનાવવા તરફના સમાજ ઉત્કર્ષ ક્ષેત્રના યશસ્વી ૧૬ વર્ષ પૂર્ણ કરી કનાસા કલ્યાણ કેન્દ્ર 'ગ્રીન ઝોન' સાથે ૧૭માં વર્ષમાં સોનેરી પદાર્પણ કરી રહેલ છે, તે પ્રસંગે સંસ્થાના પ્રેટ્રન-ટ્રસ્ટીગણ શુભ ચિંતકોના સહકાર, પ્રોત્સાહન તથા આશીર્વાદ બદલ આભાર.
જેઓની અથાગ મહેનત અને સહયોગ વિના આ મુકામ સંભવી જ ના શકત તેવા સર્વાધિક યશના અધિકારી એટલે KKK માં કામ કરતા સર્વ ભગિની બાંધવો .




''પ્લાસ્ટિક હટાવ દેશ બચાવ'' લક્ષ્યાંકમાં સહભાગી થઈ લોકકલ્યાણનું કાર્ય કરનાર સંસ્થા એટલે KKK



''સૌર ઊર્જા અપનાવો-પ્રદુષણ હટાવો''ના સૂત્રને સાર્થક કરતા કાર્બન ફ્રી થવાના પ્રયાસમાં સફળતાને વરી ૨૪.૪ કિલોવોટ સૌર ઊર્જા ઉત્પાદન કરતી સંસ્થા એટલે KKK

ખાખરા - પાપડ જેવા ઉત્પાદનોનું વેક્યુમ મશીન દ્વારા પેકીંગ કરી ''પર્યાવરણ પ્રિય'' બની રહેલ સંસ્થા એટલે KKK




જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર ''સંપૂર્ણ જયણાપૂર્વક''ના ૨૫ થી અધિક પ્રોડક્ટ્સ બનાવતી સંસ્થા એટલે KKK
જેના પ્રત્યેક ઉત્પાદનો એટલે સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવી શકાશે.

**તો આવો મિત્રો, શ્રાવક-શ્રાવિકાઓ આપણે સહુ સંપૂર્ણ સાથ અને સહકાર પ્રદાન કરી આ સંસ્થાને પ્રગતિ અને પ્રતિષ્ઠાને ઉચ્ચ શિખરે બિરાજમાન કરવા કટિબદ્ધ બનીએ**


**આગામી આકર્ષણ:** કનાસા કલ્યાણ કેન્દ્ર સંચાલિત અતિથીગૃહ ખાતે આવતા યાત્રિકોની અધિક સુવિધા માટે હાલમાં નિર્માણાધીન લિફ્ટનું દિવાળીમાં લોકાર્પણ

ADVT

સંપર્ક : પાટણ: 02766-224720 • હીનાબેન 9428664881 • મુંબઈ : જીતુભાઈ (ગોરેગામ) - 9699053690 • જયેશભાઈ (વિલે પાર્લા) - 09920385597

## તંત્રી સ્થાનેથી...

# સાધુનામ્ દર્શનમ્ પુણ્યહમ્



**''અષાઢી વાદળા વરસે છે, ધરતી લીલીછમ બની જાય છે,
પ્રભુની કરૂણા વરસે છે, અંતઃકરણમાં વિવેકની વર્ષા થાય છે.''**

ગુરુદેવની કૃપા વરસે છે, જીવન સદ્ગુણોના મોતીથી ભરાઈ જાય છે. આવા મસ્ત જીવનનાં સ્વામી કેવી રીતે બનવું ?

જો સદ્ગુરુનો યોગ મળી જાય તો મસ્ત જીવનના સ્વામી બની શકાય. આપણા આત્માને પરમાત્મા બનાવવા માટે કોહમ્થી સોહમ્ સુધીની સફરનાં માર્ગદર્શક એટલે પૂજ્ય ગુરુ ભગવંતો. તેઓ જૈન શાસનનું સફળતાપૂર્વક પ્રતિનિધિત્વ કરે છે. સાંસારિક કે આધ્યાત્મિક મુશ્કેલીમાં મુકાયેલાનું માર્ગદર્શન કરે છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી દિપકની જ્યોત પ્રગટાવે છે.

ભગવાનને ઓળખવામાં, ભગવાન સુધી પહોંચાડવામાં, ભગવાનની દેશનાનો આસ્વાદ કરાવનાર પાંચ મહાવ્રતધારી ગુરુ ભગવંતો વિના આપણે અધૂરા છીએ. ગુરુપૂર્ણિમા એક ગુરુ - શિષ્યનાં પ્રેમનું પાવન પર્વ છે.

જૈન શાસનમાં પ્રથમ ગણધર શ્રી પુંડરિક સ્વામીને મળ્યા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અને શાસનનાં અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીને મળ્યાં શાસનનાયક પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન. અઢાર દેશના રાજવી કુમારપાળને મળ્યા, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી. આવા અનેક શ્રેષ્ઠ આત્માઓ ગુરુના પ્રથમ શિષ્ય બનવા માટે સૌભાગી બન્યા છે. આપણાં ગુરુ ભગવંતો ૩૬ ગુણાલંકારોથી વિભૂષિત હોવાને કારણે વંદનીય અને પૂજનીય બન્યા છે.

મુની, શ્રમણ, અણગાર, આચાર્યજી, ગચ્છાધિપતિ, શાસનસમ્રાટ જેવા વિશેષ પદસ્થ જૈન શાસનની શાન છે.

જૈન ધર્મના પ્રચલિત ગ્રંથ 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં સૌ પ્રથમ 'વિનય'નો ગુણ બતાવ્યો છે. ગુરુને વિનયપૂર્વક નત્ મસ્તકે કરાતું વંદન જ ગુણ પ્રાપ્તિનું કારણ બને છે. ગુરુ ભગવંતોની એક એક ક્ષણ મહાકિંમતી છે. તેથી વંદન કરવા જોઈએ ત્યારે તેમની સાથે વાતચીત કરતાં તેમનો કિંમતી સમય વ્યર્થ વેડફાઈ ન જાય તેનો વિનય જાળવવો જરૂરી છે. ગુરુને મળવાથી ગુરુ નથી મળતા, તેમની પાવનતાને પામવા માટે આંગળી પકડીને ગુરુને અનુભવાય છે. તેમને મળવાથી હૃદય સ્પંદિત થાય ત્યારે સમજવું કે આત્મકલ્યાણના સારથી મળી ગયા છે.

જૈન ધર્મની ગુરુ પરંપરા વિશ્વમાં સૌથી પ્રાચીન છે. ચતુર્વિધ સંઘની સુરક્ષા માટેનું પણ મુખ્ય કારણ છે, આપણા ગુરુ ભગવંતો જૈન ગ્રંથ ભંડારો, જિનાલયો અને ઉપાશ્રયો સુરક્ષિત રહે તે બાબત પણ જવાબદારી સંભાળે છે.

પરમ પૂજ્ય હીરસૂરીજી મહારાજે અકબરને અહિંસાનો ધર્મ બતાવ્યો અને આજીવન હિંસાનો ત્યાગ કરાવ્યો. એ જ રીતે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કુમારપાળને સમસ્ત ગુજરાતમાં અહિંસાનું પાલન કરાવવાનો આદેશ આપ્યો.

ગુરુ ભગવંતોના મંગલ આશીર્વાદથી જ જૈનોને ત્યાં લક્ષ્મી અને સરસ્વતીનો વાસ રહેલો છે. જૈન દાનવીર તરીકે વર્તમાન કાળે પણ મોખરાનું સ્થાન ધરાવે છે. ગુરુ ભગવંતોના એક માત્ર દર્શનથી ઈલાચીકુમારનું જીવન બદલાયું. પૂર્વભવમાં એક નાના ગરીબ બાળકે સાધુ ભગવંતને ખીર વહોરાવી અને સમય જતાં શાલીભદ્રનાં નામથી રિદ્ધિસિદ્ધિના સ્વામી બનવાનો યોગ પ્રાપ્ત થયો. પરમ પૂજ્ય યાકિની મહત્તરા સાધ્વીજી મહારાજના માત્ર બે શબ્દો જેના કાને પડ્યા તે શ્રાવક આપણને જૈન શાસનમાં મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરીજીના નામે ખૂબજ જ્ઞાની વિદ્વાન ગુરુ જેઓએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી તે મળ્યા. તેવા મહાન પ્રખર ગુરુએ જૈન શાસનને ઉજ્જવળ કર્યું.

આવા સાધુ ભગવંતો - ગુરુ ભગવંતોના મૂલ્યને સમજવાની તેમની મહત્તાને સમજવાની વર્તમાન કાળે ખૂબ જ આવશ્યકતા છે.

**''તેજસ્વી છે શાસન સિતારા, ગ્રહી જેણે ધર્મ ધૂરા,
ઓજસ્વી ગુરુઓથી શોભે, પ્રકાશવંતી આ ધરા.
આઠ આઠ શોભે સંપદા, આચારવંત મુનીશ્વરા,
કરીએ આપને નત્ મસ્તકે, ત્રિકાળ વંદના.''**

ગુરુ પૂર્ણિમાનાં પાવન અવસરે, આપના મંગલમય આશીર્વાદથી અમ સહુનું જીવન ઉજ્જવળ બને, તેવી પ્રાંજલ ભાવે પ્રાર્થના.

અસ્તુ...

❑ ભારતી બી. શાહ

**વસતી પત્રકમાં જાહેરખબર આપો
સામાજિક કાર્યમાં સહાયક બનો**

## સન્માર્ગ બતાવે તે જ સાચા ગુરુ

તથાગત બુદ્ધના સમયમાં એક કોટયાધિપતિ શ્રીમંત એમનો પરમભક્ત બની ગયો હતો. બુદ્ધ પ્રત્યે એનો લગાવ એટલો તીવ્ર હતો કે બુદ્ધ જ્યાં જયાં ચાતુર્માસ હોય ત્યાં તેઓ સાથે ને સાથે રહે અને ગરીબ - અનાથજનો માટે સંપૂર્ણપણે વિનામૂલ્યે ભોજન આપે. આ ઔદાર્યનાં કારણે લોકોમાં એ 'અનાથ પિંડક' તરીકે વિખ્યાત થઈ ગયો હતો.

અફસોસજનક બાબત માત્ર એ હતી કે તે સ્વયં જેટલો ધાર્મિક હતો એનો પુત્ર એટલો જ નાસ્તિક હતો. ધર્મ કરવો તેને જરાય ન ગમે. રાત દિવસ બસ જુગાર જ રમ્યા કરે. ઘણી સમજાવટ પછી પણ પુત્રમાં કોઈ બદલાવ આવ્યો નહીં ત્યારે અનાથ પિંડકે પુત્રના આત્મહિત ખાતર એક કઠોર પગલું ભર્યું અને પુત્રને પહેરેલા કપડે ઘરમાંથી બહાર કાઢી મૂક્યો.

એના જુગારી મિત્રોએ તેમનું લેણું વસૂલવા પુત્રને ફટકાર્યો. આ વાતની ખબર અનાથ પિંડકને મળી. ગમે તેમ પણ પોતાનો એકનો એક વહાલસોયો પુત્ર હતો. એણે પોતાના એક વિશ્વાસુ માણસ સાથે એક સંદેશો મોકલાવ્યો કે, ''જો તું રોજ બુદ્ધનું પ્રવચન સાંભળવા આવશે. તો હું તને પ્રતિદિન ૫૦ સુવર્ણમુદ્રા ઈનામરૂપે આપીશ.'' લાચાર થઈ ગયેલા પુત્રે ન ગમવાં છતાં આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. નિયમિત રીતે બુદ્ધના પ્રવચનમાં આવવા માંડયો અને તેને પ્રાપ્ત થતી સુવર્ણમુદ્રાઓને કારણે થોડીક તકલીફો ઓછી થઈ.

આ તરફ અનાથ પિંડકને પોતાનો જે હેતું હતો તે બર આવ્યાનું જણાતું ન હતું. બે મહિના થવા આવ્યા હતા. પિતાએ નવો એક સંદેશો મોકલ્યો, પુત્રને કહ્યું; ''જો તું બુદ્ધનું પ્રવચન સાંભળીને રોજ સાંજે અક્ષરસઃ મને સંભળાવે તો હું તને પ્રતિદિન પાંચસો સુવર્ણમુદ્રાનું ઈનામ આપું.'' નાણાંની લાલચે પુત્રએ આ પ્રસ્તાવ પણ સ્વીકારી લીધો.

પહેલાં તો એ બુદ્ધનું પ્રવચન સાંભળવા ખાતર જ સાંભળતો હતો, તેથી તેનું ચિત્ત શ્રવણમાં સ્થિર રહેતું નહોતું, પણ જ્યારથી વધારે સોનામહોર મળવાની વાત આવી ત્યારથી એ તીવ્ર એકાગ્રતાથી પ્રવચન સાંભળતો અને એને યથાવત ગ્રહણ કરતો. નિત્યના આ ગ્રહણ ધારણનું સુખદ પરિણામ એક દિવસ એ આવ્યું કે એનું પૂર્ણતઃ હૃદયપરિવર્તન થઈ ગયું. એક સમયનો જુગારી ગુરુના પ્રવચનના પ્રભાવે સંયમ માર્ગે ચાલી નીકળ્યો. ગ્રહણ અને ધારણનું આ છે પ્રશસ્ય પરિણામ.

ગુરુ પાસે કળા હોય છે અને જો એ શિષ્ય પાસે પાત્રતા જોઈલે તો એક શિલ્પીની જેમ શિષ્યનું ઘડતર કરે છે, ટૂંકમાં આપણે આપણી પાત્રતા કેળવતા રહેવાનું કામ કરવાનું છે. ગુરુ આપણાં ચારિત્રનું ઘડતર કરે છે, તેની સાથે અમી ભરેલી નજર પણ રાખે છે.

**''ઉદ્યાનમાં રહેલા ફુલોને ખીલવે તે સંત,**
**જીવનમાં સદ્‌ગુણોને ખીલવે તે સાધુ સંત.''**

❑ **ભારતી શાહ (સંકલન)**

## હાર્દિક નિમંત્રણ

**શ્રી પાટણ જૈન મંડળ આયોજિત**
**શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન માળા**

**દિનાંક :** રવિવાર તા. ૨૧-૦૮-૨૦૨૨
**સમય :** સવારે ૯.૩૦ કલાકે
ભક્તિ સંગીત શ્રીયુત શ્રેયાંશભાઈ ભીમાની
**વિષય :** ''શ્રી ભક્તામર સ્તોત્ર''
'અદ્‌ભુત અને પ્રભાવિક'
**વક્તા :** ડૉ. રેખાબેન વોરા
ભક્તામર સ્તોત્રમાં પી.એચ.ડી.
**સ્થળ :** શ્રી પાટણ જૈન મંડળ
શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પૂર્વે પ્રતિવર્ષ યોજાતા વ્યાખ્યાનની માફક ચાલુ સાલે પણ યોજાયેલ ભક્તામર સ્તોત્રના માંગલિક વિષય પરત્વેના આયોજનમાં સમાજના સર્વે પરિવારજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી છે.

❑ પ્રોગ્રામ સમિતિ

## ક્ષણનો સાક્ષાત્કાર

વર્ષોની આકરી મહેનત અને અથાગ પુરુષાર્થ પછી વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં વિજય હાંસલ કરતી હોય છે. કોઈ ખેલાડી ચેમ્પિયન બને, તો એના વિજયની સર્વત્ર ઉજવણી થતી હોય છે, પરંતુ તમને આશ્ચર્ય થશે કે આવા વિજયનો આનંદ ખેલાડીને માટે થોડા સમયમાં ચિંતાનો વિષય બની જાય છે. અથાગ મહેનત કરીને વિજય મેળવો, પણ એટલી જ મહેનત કરીને એ વિજયને મનમાંથી ખંખેરી નાખો.

સચીન તેંડુલકર મેદાન પર રમવા જાય એટલે માનીએ કે સદી કરવાનો જ. ફિનિશર મહેન્દ્રસિંહ ધોની મેચની આખરી ઓવર ખેલીને આપણને વિજય અપાવવાનો જ! આને કારણે તો આજે આવા ભૂતકાળનો બોજ વિરાટ કોહલીને પરેશાન કરે છે. દર્શકો એમની પાસેથી સિદ્ધિના પુનરાવર્તનની તીવ્ર અપેક્ષા રાખે છે. આ અપેક્ષા જીવનના શિખરો સર કરનાર રાજકારણી હોય, ખેલાડી હોય કે કોઈપણ વ્યક્તિ હોય, પરંતુ એને થકવી નાખે છે. વિજેતા બન્યા પહેલા જનસમૂહની તમારી પાસે ઝાઝી અપેક્ષા નહોતી, માત્ર તમે પોતે વિજયની ઈચ્છા અને અપેક્ષા ધરાવતા હતા, પરંતુ વિજેતા બન્યા પછી લોકોની અપેક્ષા રહે છે અને એને યોગ્ય ઠેરવવા માટેની મથામણ ચાલે છે.

વિજય મેળવીને નિરાંતે ખેલતા રહીશું એમ માનનારી વ્યક્તિ મોટી ભૂલ કરે છે. ત્યારે એ ભૂલી જાય છે કે તમારે એ વિજયના આનંદને છોડીને વાસ્તવની દુનિયામાં આવવું પડે છે. વિજેતા બન્યા પછી દુનિયાની તમારા તરફની દ્રષ્ટિ બદલાઈ જશે. સહુની અપેક્ષાભરી નજર તમારા તરફ મંડાઈ રહેશે અને તમે જેવો વિજય મેળવ્યો છે, તેનાથી વધુ વિજય મેળવો એવો ભાવ સહુના મનમાં રહેશે અને આથી જ આને 'બર્ડન ઓફ વિનિંગ' કહેવામાં આવે છે. **(સંકલન)**

# શ્રી પાટણ જૈન મંડળ - વસતિ પત્રક

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના પરિવારોના વસતિપત્રકનું પ્રકાશન કાર્ય ખુબ ઝડપભેર આગળ વધી રહ્યુ છે, જેમાં સમાજના લગભગ ૧૮૦૦ પરિવારો દ્વારા ફિઝિકલ ફોર્મ તથા ઓનલાઈન એપ્લિકેશન દ્વારા ૫૦૦ પરિવારોના ફોર્મ ભરાઈને આવેલ છે. પરંતુ હજુ લગભગ એક હજાર જેટલા પરિવારો દ્વારા ફોર્મ ભરવા અંગે ઉદાસીન રહ્યા છે, જેથી સમાજના સર્વે પરિવારોને નવા વસતિપત્રકમાં સમાવેશ કરવાના કાર્યમાં બાધા આવી રહેલ છે, જેથી બાકીની રહેલ પરિવારોને હાર્દિક વિનંતી કરતા જણાવવાનું કે, વસતિપત્રકના આ ભગીરથ કાર્યને સપ્ટેમ્બર માસમાં સંપન્ન કરવાના અમારા લક્ષ્યાંકને સિદ્ધ કરવા આપના ફોર્મ તાત્કાલિક ભરીને મોકલાવી આપવા વિનંતી છે.

**વિશેષ નોંધઃ આપશ્રી આપનું ફોર્મ નીચે જણાવેલ ડિજિટલ એપ્લિકેશન મારફત પણ ભરીને મોકલાવી શકો છે.**

## DIGITAL VASTIPATRAK

**We have given below the Digital Vastipatrak Facilitation Link. Kindly use it on your Desktop/Laptop or Mobile. You need to use the mobile no of any of the family members registered in the last vastipatrak.**

1. Feed-in regd.Mobile No 2. Fill in OTP received 3. Click on verify button.
4. Fill in or change details as reqd for each individual by clicking on Edit.
5. Verify info is correct and click the submit button at the bottom and move to the next person in the family.

**Do share your experience.** **Link ☞https://bit.ly/vastipatrak**

**For any support contact on 8668336059 or 7666676701**

**Please verify your family details and update if needed at the earliest**

## શ્રી પાટણ જૈન મંડળ

# મેડિક્લેઈમ પોલીસી સેમીનાર / સ્નેહમિલન

સ્વસ્થ માનવ અને સ્વસ્થ સમાજની પ્રથમ જરૂરિયાત તંદુરસ્તી છે. દિન-પ્રતિદિન વધતા જતાં પ્રદુષિત વાતાવરણને પરિણામે જન-જનમાં અનેકવિધ બિમારીઓનું પ્રમાણ પણ વધવા પામેલ છે અને આવી બિમારીઓના સારવારના ખર્ચાઓ પણ વધતા રહ્યા છે. જેને પહોંચી વળવું મધ્યમ કે સામાન્ય પરિવારો માટે મુશ્કેલીઓની વણઝાર લાવે છે. તેવા સમયે મંડળના નવા નિમાયેલ હોદ્દેદારો તથા મેડિકલ સમિતિ દ્વારા સમાજના સહાય લેતા પરિવારો માટે નવી મેડિક્લેઈમ પોલીસી અંગે પાટણ પ્રતિબિંબમાં વિગતવાર માહિતી છાપવામાં આવેલ તેમજ આ નૂતન યોજનામાં જોડાવવા સમાજના પરિવારોને અલગથી ફોર્મ મોકલવામાં આવેલ.

ત્યારબાદ અવારનવાર વિવિધ કંપનિઓના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું.ની નવી ફેમીલી ગૃપ મેડિક્લેઈમ પોલીસી / આરોગ્ય પ્લસ રીટેલ પોલીસી લેવાનું નક્કી કરેલ છે.

### આરોગ્ય પ્લસ રિટેલ પોલીસી

- આ પોલીસીમાં સમાજના ૫૫ વર્ષ સુધીના પરિવારોનો સમાવેશ કરવામાં આવશે.
- બેઝિક મેડિક્લેઈમ પોલીસી અન્વયે રૂા. ત્રણ લાખ સુધીનું રક્ષા કવચ મળશે.
- બેઝિક મેડિક્લેઈમ પોલીસીનું પ્રિમિયમ લાઈફ ટાઈમ એક સરખું રહેશે.
- આપના દ્વારા દૈનિક લેવાતી વિવિધ બિમારીઓની દવાઓનું પ્રિસક્રિપ્સનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે.
- પોલીસીમાં જોડાનાર પ્રપોઝરે બ્લેન્ક ચેક લાવવાનો રહેશે જે ડાયરેક્ટ કંપનીને આપવામાં આવશે.
- કોઈપણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થયા હો તો ડિસચાર્જ કાર્ડની ઝેરોક્ષ લાવવાની રહેશે.
- મજકુર પ્રિમિયમની રકમનો ચેક સંસ્થા દ્વારા પરત કરવામાં આવશે.

### ગ્રુપ પોલીસી

- આ યોજના અંતર્ગત ૫૬ વર્ષ થી ૮૦ વર્ષ પર્યંતના સભ્યો જોડાઈ શકશે.
- આ પોલીસી અન્વયે રૂા. ૨ લાખ સુધીનું રક્ષા કવચ મળશે.
- આ યોજના અંતર્ગત વર્તમાનમાં દરેક રોગો સાથે પહેલા દિવસથી મેડિક્લેઈમ વળતરનો લાભ મળી શકશે.

**ખાસ નોંધ : ઉપરોક્ત યોજનામા જોડાનાર કોઈપણ પરિવારનો વીમા પ્રિમિયમની સંપૂર્ણ રકમ સંસ્થા દ્વારા ભરવામાં આવશે.**

**વિશેષ આકર્ષણ :** મંડળની આ નૂતન વીમા પોલીસીમાં જોડાનાર પરિવારમાંથી કોઈપણ એક કમાતા સભ્યને રૂા. ૫ લાખનો અકસ્માત વીમા પોલીસી મંડળ દ્વારા આપવામાં આવશે.

# શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ હાર્દિક વિજ્ઞપ્તિ

ગોળશેરી-પાટણ મધ્યે શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સિદ્ધહેમ જ્ઞાનપીઠ પાઠશાળામાં છેલ્લા ૨૫ વર્ષથી સાધુભગવંત, સાધ્વીજી ભગવંત તેમજ મુમુક્ષુઓ માટે શ્રુતજ્ઞાનની અવિરત ઉપાસના થઈ રહી છે. સિદ્ધહેમ વ્યાકરણ, કર્મગ્રંથ, ઉપમિતી પ્રકરણ, જ્ઞાન સાગર, વૈરાગ્ય કલ્પના, દ્રયાશ્રય, કાવ્યાનુયોગ, ન્યાયના ગ્રંથો તેમજ પ્રાથમિક અભ્યાસ માટે પ્રકરણ ભાષ્ય તથા સંસ્કૃત પુસ્તકોના અધ્યયનો પાઠશાળામાં પ્રતિદિન ચાલી રહ્યા છે.

આ વિદ્યાપીઠમાં અભ્યાસાર્થે પધારતા સાધુ-સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુ આત્માઓની તત્વ જિજ્ઞાસાને પૂર્ણ કરવાનું તેમજ અજ્ઞાન તિમિરને દૂર કરવા સમ્યગ્ જ્ઞાનના પ્રકાશના પુંજને પાથરવાનું કામ કરે છે.

અહીં મુમુક્ષુઓ માટે રહેવાની, જમવાની તથા ધાર્મિક અભ્યાસ પુસ્તકની વિશેષ વ્યવસ્થા નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. આ વિદ્યાપીઠમાં સેંકડો સાધુ-સાધ્વીજી ભગવંતોએ ધાર્મિક અભ્યાસ કર્યો છે, તેમજ ૩૬થી વધુ મુમુક્ષુઓએ સંયમ અંગિકાર કરેલ છે.

આ પ્રવૃત્તિ ચલાવવા માટે લગભગ ૩૦ લાખ જેટલો વાર્ષિક ખર્ચ સંસ્થા દ્વારા કરવામાં આવે છે, સદરહુ ખર્ચને પહોંચી વળવા મંડળ દ્વારા રૂા. ૫ કરોડનું કાયમી ભંડોળ એકત્રિત કરવાનું નિર્ધારેલ, જેને સમાજના શ્રુતપ્રેમી સખાવતી ભાઈ-બહેનોએ ઉમળકાભેર વધાવી આજ પર્યંત બે કરોડ રૂપિયાનું ફંડ એકત્રિત થયેલ છે તે જણાવતાં આનંદ થાય છે.

**શ્રુતજ્ઞાન પ્રદાન રત્ન સ્થંભ રૂા. ૧૧,૦૦,૦૦૦/-**
**શ્રુતજ્ઞાન પ્રદાન સુવર્ણ સ્થંભ રૂા. ૫,૦૦,૦૦૦/-**
**જ્ઞાનપીઠ માસીક ખર્ચ ભેટ રૂા. ૨,૦૦,૦૦૦/-**

- આ યોજના અંતર્ગત રૂા. અગિયાર તથા રૂા. પાંચ લાખનું દાન આપનાર દાતાના નામોની તક્તી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ ખાતે મુકવામાં આવશે.
- ''રત્નસ્થંભ'' રૂા. ૧૧ લાખનું દાન આપનાર દાતાને મંડળની વ્યવસ્થાપક સમિતિમાં આજીવન સભાસદ તરીકે બે હક્ક તથા ''સુવર્ણ સ્થંભ'' રૂા. ૫ લાખનું દાન આપનાર દાતાને મંડળની વ્યવસ્થાપક સમિતિમાં આજીવન સભાસદ તરીકે એક હક્ક અને માસીક ખર્ચભેટ દાતાને મંડળના આજીવન સભાસદ તરીકે એક હક્ક આપવામાં આવે છે.
- આ યોજનામાં જોડાયેલ દાતાઓ દાનની રકમ ત્રણ વર્ષના સમયગાળામાં પૂર્ણ કરી શકશે.
- દાનની રકમ પૂર્ણ થતાં પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં દાતાના નામો પ્રસિદ્ધ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત જોડાયેલ દાતાઓનો એક ફોટો પાટણ પ્રતિબિંબ તથા વાર્ષિક અહેવાલમાં અનૂકુળતાએ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આપના પરિવારના સારા-નરસા પ્રસંગોએ સંસ્થાને સ્વૈચ્છિક ભેટની રકમ મોકલાવી સંસ્થાનું દાનનું લક્ષ્યાંક છલકાવી દેવા સર્વે દાતાઓને વિજ્ઞપ્તિ.

**આધાર સ્થંભ ૨૫,૦૦,૦૦૦/-**

બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર ટેમ્પલ ટ્રસ્ટ, વાલકેશ્વર

**રત્નસ્થંભ રૂા. ૧૧,૦૦,૦૦૦/-**

શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ
શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**સુવર્ણસ્થંભ રૂા. ૫,૦૦,૦૦૦/-**

શ્રી ભરતભાઈ નેમચંદ શાહ
શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ
શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
શ્રી રોહનભાઈ મહાસુખલાલ શાહ
શ્રી જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ
શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ
શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ
શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ
શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ
શ્રી વનરાજભાઈ પ્રતાપચંદ દલાલ
શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલિયાવાલા
ડૉ. યશવંતભાઈ હરિલાલ ઝવેરી
શ્રીમતી મીતાબેન બીપીનચંદ્ર પ્રેમચંદ શાહ
શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ
શ્રી હર્ષદભાઈ મણિલાલ સંઘવી
શ્રીમતી હંસાબેન હસમુખલાલ શાહ
શ્રીમતી જયલીલાબેન વિપીનચંદ્ર મફતલાલ શાહ
મે. તનવીરકુમાર એન્ડ કું.
શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ
શ્રી પાટણ જૈન દેરાસર ટ્રસ્ટ
શ્રી આદિશ્વર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (ગોરેગામ)

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

શ્રી પાટણ જૈન મંડળ આયોજીત

# શ્રી દિવસીય પાલીતાણા જાત્રા પ્રવાસ

''ગિરીવર દર્શન વિરલા પાવે,
પુરવ સંચિત કર્મ ખપાવે।।''

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના સર્વ પરિવારજનો માટે શ્રી દિવસીય પાલીતાણા જાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે, તે જણાવતા અત્યંત હર્ષની લાગણી અનુભવાય છે. આ પ્રવાસમાં જોડાનાર સમાજના પરિવારોએ પોતાના નામનું રજિસ્ટ્રેશન તેનું નિયત ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો સાથે **રૂ. ૫૦૦/- વ્યક્તિ દીઠ** ભરી સંસ્થાના નીચે મુજબના કાર્યાલયો ખાતે વહેલો તે પહેલોના ધોરણે તા. ૧૨-૦૮-૨૦૨૨ સુધીમાં રૂબરૂ કે કોઈના મારફત મોકલાવી આપવાના રહેશે.

**: મુખ્ય સૌજન્ય દાતા :**

**શ્રી નેમચંદ ચુનીલાલ શાહ (પોળની શેરી)**
**હ. પંકજભાઈ નેમચંદ શાહ**

**: સહાયક સૌજન્ય દાતા:**

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)**

## : વિગત :

| | |
|---|---|
| મુંબઈથી પ્રયાણ | : મંગળવાર તા. ૧૦-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૩ |
| પાલીતાણા પંચતિર્થ | : બુધવાર તા. ૧૧-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૪ |
| દાદાની સેવા પૂજા યાત્રા | : ગુરુવાર તા. ૧૨-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૫ |
| પાલીતાણાથી ટ્રેનમાં મુંબઈ તરફ પ્રયાણ | : ગુરુવાર તા. ૧૨-૦૧-૨૦૨૩ |
| મુંબઈ આગમન | : શુક્રવાર તા. ૧૩-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૬ |

**ખાસ નોંધઃ-**

૧. જાત્રા પ્રવાસમાં ૨૫૦ સભ્યોનો જ સમાવેશ કરવામાં આવશે.
૨. જાત્રા પ્રવાસમાં જોડાનાર સભ્યનું આધાર કાર્ડની ઝેરોક્ષ ફોર્મ સાથે જોડવાની ફરજિયાત રહેશે.
૩. પાલીતાણાની એકપણ જાત્રા નહીં કરનાર સભ્યને પ્રાધાન્ય આપવામાં આવશે.
૪. ૨૦૧૫થી અત્યાર સુધીમાં જેમણે જાત્રા કરેલ ના હોય તેવા અરજદારોને બીજુ પ્રાધાન્ય અપાશે.
૫. અરજદારે મુંબઈ કે બહારગામ ગમે ત્યાં રહેતા હોય તો પણ ફિઝિકલ ફોર્મ જ ભરવાનું રહેશે, ઈમેલ કે વોટ્સએપ દ્વારા ભરાયેલ ફોર્મ કે રકમ સ્વીકાર્ય રહેશે નહીં.

(ફોર્મ પાછળ છપાયેલ છે.)

**વધુ વિગત માટે સંપર્ક :**

કન્વીનર
શ્રી જનકભાઈ અરવીંદકુમાર શાહ (પ્રથમ ઉપપ્રમુખ) - ૯૮૨૦૦૬૪૬૬૮
શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) (ઉપપ્રમુખ) - ૯૩૨૩૭૪૨૭૮૯

**ફોર્મ સ્વીકારવાના સ્થળઃ-**

| | | |
|---|---|---|
| ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઇવ, મુંબઇ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧ ૧૩૪૬ મો:૮૭૭૯૧૬૧૨૦૯ સમય: ૧૦.૩૦ થી ૧.૩૦ અને ૨.૦૦ થી ૬.૦૦ | રૂપમ, ૧૫૨, ગ્રાઉન્ડ ફ્લોર, જવાહરનગર, ગોરેગામ (વે), મુંબઇ-૪૦૦૦૬૨. મો. ૯૧૫૨૯૯૮૮૬૫ સમય: ૯.૩૦ થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦ | એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇ), મુંબઇ-૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮ સમય: ૦૯.૩૦ થી ૧૨.૩૦ અને ૩.૩૦ થી ૬.૩૦ |

**શ્રી પાટણ જૈન મંડળ** આયોજીત

Shree Patan Jain Mandal

# શ્રી દિવસીય પાલીતાણા જાત્રા પ્રવાસ

**: મુખ્ય સૌજન્ય દાતા :**

**શ્રી નેમચંદ ચુનીલાલ શાહ (પોળની શેરી)**

**હ. પંકજભાઈ નેમચંદ શાહ**

**: સહાયક સૌજન્ય દાતા:**

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)**

## : વિગત :

| | | |
|---|---|---|
| મુંબઈથી પ્રયાણ | : | મંગળવાર તા. ૧૦-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૩ |
| પાલીતાણા પંચતિર્થ | : | બુધવાર તા. ૧૧-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૪ |
| દાદાની સેવા પૂજા યાત્રા | : | ગુરુવાર તા. ૧૨-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૫ |
| પાલીતાણાથી ટ્રેનમાં મુંબઈ તરફ પ્રયાણ | : | ગુરુવાર તા. ૧૨-૦૧-૨૦૨૩ |
| મુંબઈ આગમન | : | શુક્રવાર તા. ૧૩-૦૧-૨૦૨૩ પોષ વદ ૦૬ |

## અરજીપત્રક માહિતી ફોર્મ

રેફરન્સ નં. : ..........................

| ક્રમ | પુરુ નામ | ઉંમર | પાટણનો મહોલ્લો | મોબાઈલ | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

રૂા. ....................રોકડા મળ્યા છે. ફોર્મ ભરનારની સહી : ....................................................

ફોર્મ મળ્યા તારીખ : ........................ સમય : ...................... રકમ લેનારની સહી : ...................................

**ખાસ નોંધ:-**

૧. જાત્રા પ્રવાસમાં ૨૫૦ સભ્યોનો જ સમાવેશ કરવામાં આવશે. વ્યક્તિદીઠ રૂા. ૫૦૦/- ભરવાના રહેશે.
૨. જાત્રા પ્રવાસમાં જોડાનાર સભ્યનું આધાર કાર્ડની ઝેરોક્ષ ફોર્મ સાથે જોડવાની ફરજિયાત રહેશે.
૩. પાલીતાણાની એકપણ જાત્રા નહીં કરનાર સભ્યને પ્રાધાન્ય આપવામાં આવશે.
૪. ૨૦૧૫થી અત્યાર સુધીમાં જેમણે જાત્રા કરેલ ના હોય તેઓને બીજુ પ્રાધાન્ય અપાશે.
૫. શારીરિક રીતે અશક્ત કે માંદગી ધરાવનારે ફોર્મ ભરવું નહીં.
૬. આપના ભરાયેલ અરજી ફોર્મની તપાસણી કરી યોગ્ય તે અરજદારની અરજીનો જ સ્વીકાર કરવામાં આવશે.
૭. અસ્વિકૃત થયેલ અરજદારને તેઓએ ભરેલ રજીસ્ટ્રેશનની રકમ પરત કરવામાં આવશે.
૮. સ્વીકૃત થયેલ અરજદાર પૈકી કોઈપણ સભ્યનું નામ રદ્દ થશે તો કોઈપણ સંજોગોમાં રજિસ્ટ્રેશનની રકમ પરત કરવામાં આવશે નહીં.
૯. અરજીપત્રક મંજુર/નામુંજર કરવાના સર્વ હક્ક શ્રી પાટણ જૈન મંડળને રહેશે.
૧૦. જાન-માલના નુકસાન અંગે દાતા પરિવાર કે સંસ્થાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

---

**શ્રી પાટણ જૈન મંડળ** આયોજીત

ઓફિસ માટે

**શ્રી દિવસીય પાણીતાણા જાત્રા પ્રવાસ**

રેફરન્સ નં. : ..........................

| ક્રમ | પુરુ નામ | ઉંમર | પાટણનો મહોલ્લો | મોબાઈલ | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

પૂરૂ સરનામું : .............................................................................................................

.............................................................................................................................

તા. ...................... સમય: ........................ રૂા. ............ મળ્યા છે. રકમ લેનારની સહી.........................

# શ્રી પાટણ જૈન મંડળ

## ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૧.૨૫ લાખનું દાન આપનાર દાતાઓ


શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ
(ખજુરીનો પાડો)


શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ
(ખજુરીનો પાડો)


શ્રી ભગુભાઈ ડહ્યાભાઈ શાહ
(કનાસાનો પાડો)


શ્રી પરેશભાઈ હરીલાલ શાહ
(સિદ્ધચક્રની પોળ)


શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ
(ખજૂરીનો પાડો)


શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ
(ખજૂરીનો પાડો)


શ્રી શ્રેણિકભાઈ રસિકલાલ શાહ
(મહાદેવાજીની શેરી)


શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ
(વખતજીની શેરી)


શ્રી પ્રવિણભાઈ મુલચંદ શાહ
(લખિયારવાડો)


શ્રીમતી મંજુલાબેન પ્રવિણભાઈ શાહ
(લખિયારવાડો)


શ્રી અંકીતભાઈ નિર્મલભાઈ શાહ
(લખિયારવાડો)


શ્રી અંકીત યશમુખભાઈ શાહ
(કનાસાનો પાડો)

અનુસંધાન પાના નં. ૧૫

## STRONG PILLARS OF DANDIYA RASS & TRADE FAIR

- BHAGVATIBEN VINODCHANDRA MATLIWALA PARIVAR
- KIRTIBHAI BALUBHAI SHAH PARIVAR - SOMIRA DIAMONDS
- BHAGVATIIBEN KANTILAL SALVI PARIVAR
- RAMESHBHAI CHHABILDAS JHAVERI PARIVAR
- HASUMATIBEN RAMESHCHANDRA SHAH PARIVAR - HASTE MONIKABEN
- TRUSHALI SAURINBHAI SHAH PARIVAR
- SMT. SUREKHABEN JASWANTLAL SHAH PARIVAR
- KINNARIBEN DIPAKKUMAR SHAH PARIVAR - HASTE FILCO TRADE CENTRE AHMEDABAD

## અભિનંદન



**Miss Sakshi Daughter of Mrs. Amishi & Bhavesh Shah** (Kanasa no pado Age. 22) She is a grand daughter of late Dr Sudhirbhai.

She is **black belt 2nd grade.** I participated in 38th SKSI All India Open Championship, Manali 2022 (National Level Open championships) My category : Senior women (18 and above). I won a Gold medal in senior women kata And a bronze medal in senior women kumite (-68kgs).




**Miss Sargam Daughter of Mrs. Priti & Pankaj Shah** (Mulund, Dank Mehta no pado)

The event name is 6hours midnight run organised by a group name "runtastic dilse" from thane. This is the 7th year they have organised with 150+ participants.

The target is to run from 12am to 6am and how much ever distance you can cover. The target is to survive for 6 hours.

This was conductected in thane Hiranandani estate and the route was a loop of 4.5 kms

This is conducted once a year in monsoon.

## પાટણનું ગૌરવ



**Shri Yatin Pratapchand Shah** (Dhandher Wado, Goregaon) Mumbai is Declared a winner in (IIF). The Institute of Indian Foundrymen National Council Election 2021-23 from western Region in the Individual category.







# શ્રી પાટણ જૈન મંડળ – વસતીપત્રક જાહેરાત

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પ્રકાશન થનાર આગામી વસતી પત્રકના વિશાળ ખર્ચને પહોંચી વળવા સંસ્થા દ્વારા આખુ પાનું રૂા. ૧,૦૦,૦૦૦/-, અડધુ પાનું રૂા. ૫૦,૦૦૦/- તથા પા પાનું રૂા. ૨૫,૦૦૦/- ની જાહેરખબર રૂપે આવક ઊભી કરવાનું જાહેર કરવમાં આવેલ તેના અનુસંધાનમાં સમાજનાં પરિવારો દ્વારા સુંદર પ્રતિસાદ આપવામાં આવેલ છે. અત્યાર સુધી આવેલ જાહેરખબરોની યાદી અત્રે પ્રસિદ્ધ કરતાં હર્ષની લાગણી અનુભવાય છે.

**Last Cover Page - Rs. 3,51,000/-**
*Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala)*

**Front Open Left Page - Rs. 2,50,000/-**
*Shri Hemantbhai Kantilal Salvi*

**Front Open Right Page - Rs. 2,50,000/-**
*Kirtilal Balubhai Shah Parivar*

**2nd Last Cover Page Left Side - Rs. 2,50,000/-**
*Renissace Foundation*

**2nd Right Cover Page - Rs. 2,50,000/-**
*New India Construction*

**Full Page Rs. 1,00,000**

- *Patan Co-operative Bank Ltd.*
- *Mihir Engineers Pvt. Ltd.*
- *Industrial Solvents & Chemicals Pvt. Ltd.*
- *Pradipkumar & Co.*
- *Sevantilal Ambalal Group of Companies*
- *Micron Platers*
- *Vipul Tools Centre*
- *Vasu Chemicals*
- *Subhada Pharma*
- *Suru Group of Companies*
- *Paramount Commercial Corporation Pvt.Ltd.*
- *Rashmikaben Bharatbhai Shah*
- *Nischem Pvt. Ltd.*

**Half Page Rs. 50,000**

- *Jigneshbhai Arvindbhai Jivachand*

**Quarter Page Rs. 25,000**

- *Shri Jayantilal Manilal Shah Parivar*
- *H. Sharad & Co.*
- *Deveshbhai Rameshchandra Shah*
- *Jitenvi Pharma Pvt. Ltd.*
- *P. Rohitkumar & Co.*
- *Smt. Vimlaben Mahasukhlal Shah Parivar*
- *Shri Sundarlal Baluchand Shah*
- *Bombay Tools Supplying Agency*
- *Pravinchandra Vrajlal Shah*
- *Shri Bhadrakumar Manilal Shah Parivar*
- *Smt. Nirmalaben Ravindrabhai Shah Parivar*
- *Shah Brothers (India) • Shah Pack N. Print*
- *Jugal Gems*
- *H.B. Corporation*
- *Amit Engineering*

સમાજના આપ સર્વે દાતા પરિવારજનો, આપની કંપની-ટ્રસ્ટ સંસ્થા અથવા વ્યક્તિગત જાહેરખબર આપી સહાયક થવા નમ્ર અપીલ છે.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


## ઉત્કૃષ્ટ, સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક જૈન ભોજન માટે અવશ્ય પધારો

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ— ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬—૨૨૫૮૫૩**

### નૂતન સહાય યોજના

- મુખ્ય આધાર સ્થંભ: રૂા. ૩,૧૧,૦૦૦/– • સહાયક આધાર સ્થંભ: રૂા. ૧,૧૧,૦૦૦/–
- દાતા ફોટો યોજના: રૂા. ૫૧,૦૦૦/– રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળામાં મૂકવામાં આવશે.
- રૂા. ૪૦,૦૦૦/– એક સાધર્મિકને ૧ વર્ષ માટે રોજના બે સમય ભોજન માટે.
- વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના: રૂા. ૫,૦૦૦/– ચતુર્વિધ સંઘ સહાયક ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. • તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીઓના નામ લખવામાં આવશે.

**સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧
સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

## કર્યું ક્યારેય ફોકટ જતું નથી

આજના સમાજનું જો કોઈ ઉજળું પાસું હોય તો તે એ છે કે લોકો તેની સંપત્તિનો મોટો હિસ્સો લોકો સમાજના ઉત્થાન માટે વાપરતા થઈ ગયા છે.

"Paiying Back to Society" નો મંત્ર જ સમાજને આગળ લાવી શકે છે અને તેમાં પણ યંગ જનરેશનને જો યોગ્ય સમયે યોગ્ય મદદ કરવામાં આવે તો તે માટે સમાજ સેવા છે અને તેમાં જ સમાજની પ્રગતિ છે, સૃષ્ટિનો નિયમ છે કે કરેલા સારા કાર્યો ક્યારેય ફોગટ જતાં નથી.

આજે મારે સમાજના વાચક મિત્રો અને પરિવારો માટે ૧૯મી સદીની એક સત્યઘટના તરફ તમને લઈ જવા છે.

યુક્રેનના એક નાનકડા ગામમાં જન્મેલા ઈગ્નેન્સીને સંગીતમાં બાળપણથી જ અત્યંત રુચી હતી. તે સમયે તેના પિતા પેડ્રેવસ્કી રાજકીય ચળવળમાં સક્રિય હોવાના કારણે અવારનવાર તેમની ધરપકડ થતી. તેના કારણે પોતાના પુત્ર તરફ બહુ ધ્યાન આપી શકતા નહોતા તેથી ઈગ્નેન્સીનાં ભવિષ્યને ધ્યાનમાં લઈને પોલેન્ડમાં બોસ્કો શહેરમાં તેની સંગીત શિક્ષા આગળ વધારવાનો નિર્ણય લીધો. વોસ્કોમાં ઈગ્નેન્સીએ પિયાનોવાદક તરીકે અતિ ઉચ્ચ શિક્ષણ મેળવી નામ રોશન કર્યું. ધીમે ધીમે તેની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થવા માંડી. લંડન ન્યૂયોર્ક, પેરિસ, સિડની જેવા શહેરોમાં તેના સંગીતના જલસાઓ લોકો મોંઘા ભાવની ટિકિટો ખરીદીને પણ જોતાં. ઈગ્નેન્સી હવે હજારો ડોલર્સો કમાતો થઈ ગયો. તેમ છતાં તે બહુ સંવેદનશીલ વ્યક્તિ હતો.

અમેરિકામાં ભણતા બે ગરીબ યુવાનોને તેની કોલેજની ફી અને ભણવાનો ખર્ચ કાઢવામાં મુશ્કેલી હતી તેથી આ બે યુવાનોએ ઈગ્નેન્સીનો સંગીતનો પ્રોગ્રામ આયોજન કરીને તેના નફામાંથી કોલેજની ફી કાઢી ભરવાનો નિર્ણય કર્યો. યુવાનોએ ઈગ્નેન્સીને મળીને પોતાના મનની વાત કરી ઈગ્નેન્સીએ આ યુવાનોને ૨૦૦૦ ડોલર્સના ગેરન્ટી મની અને આ રકમ ઉપરાંત જે કલેક્શન થાય તેના ૧૦ ટકા રકમ કમિશન પેટે આ યુવાનોને આપવાની તૈયારી બતાવી, પણ આયોજકોની અણઆવડતના કારણે તેઓ ફુલ હાઉઝ ટિકટો વહેચી ના શક્યા જેમ તેમ કરીને ૧૬૦૦ ડોલર્સનું કલેક્શન લઈને તેઓ ઈગ્નેન્સીસ પાસે ગયા અને ૧૬૦૦ ડોલર્સ કેસ ચૂકવી બાકીની ૪૦૦ ડોલર્સનો તારીખ વગરનો સાઈન કરેલો ચેક આપ્યો અને બાકીના નાણાંનો તેઓ બંદોબસ્ત કરી આપશે. તેવી ખાત્રી આપી. ઈગ્નેન્સીસ તરત જ ચેક ફાડી નાખ્યો એને આ યુવાનોની આર્થિક પરિસ્થિતિની ખબર હતી અને ૧૬૦૦ ડોલર્સ પણ પાછા આપી દીધા.

આ બે યુવાનો માટે તો આ એક મોટી સહાય હતી તેઓએ કોલેજનું ભણતર પુરુ કરીને ડીગ્રી મેળવી.

પોલેન્ડમાં ઈગ્નેન્સીનું એક મશહુર પિયાનોવાદક તરીકે બહુ મોટું નામ હતું. પ્રથમ વિશ્વયુદ્ધના ૧૯૧૪ થી ૧૯૧૮ના સમય દરમ્યાન ઈગ્નેન્સીના પિતાને પેડ્રેવસ્કી પોલેન્ડના પ્રાઈમ મિનિસ્ટર તરીકે ચૂંટી કાઢવામાં આવેલા. સત્તા સંભાળ્યા બાદ પેડ્રેવસ્કીના પ્રથમ વિશ્વયુદ્ધમાં પોલેન્ડને થયેલા જબરદસ્ત નુકસાનીનો અંદાજ આવ્યો. લોકો ભુખમરાથી પીડાતા હતા મુખ્ય સમસ્યા અનાજની અછત હતી. ના છૂટકે ઈગ્નેન્સીસે અમેરિકા પાસેથી અનાજની સહાય, માનવતાના ધોરણે માંગવાનો પ્રસ્તાવ મુક્યો.

અમેરિકામાં તે સમયે ''યુએસ ફુડ એન્ડ રિલીફ કમિટિ''ના ચેરમેન હર્બટ હુવર હતા. જે ત્યારબાદ અમેરિકાના પ્રમુખ હતા. હુવરે પોલેન્ડના પેડ્રેવસ્કીને અનાજની મદદ મોકલવાનો તાત્કાલિક નિર્ણય લીધો અને જોતજોતમાં હજારો ટન અનાજ પોલેન્ડ રવાના કરીને લોકોને રાહત આપીને ઈગ્નેન્સીની ભલામણથી તેના પિતા પેડ્રેવસ્કીની સરકારને મદદ કરીને ઉગારી લીધી.

ઈગ્નેન્સીએ હુવરનો પર્સનલ આભાર માનવા માટે તેના સેક્રેટરીને મિટિંગનું આયોજન કરવા જણાવ્યું. આ મિટિંગ પેરિસમાં આયોજન કરવામાં આવી. જેવી મિટિંગ શરૂ થઈ કે ગળગળા સ્વરે ઈગ્નેન્સીએ હુવરનો આભાર માનવાનું શરૂ કર્યું. ત્યાં જ તેને વચ્ચેથી અટકાવી દેવામાં આવ્યો ત્યાં હાજર તમામ ઉચ્ચ અધિકારી અચંબામાં પડી ગયા કે પોલેન્ડથી કંઈ પ્રોટોકોલનો ભંગ થયો છે કે શું ? પણ ત્યાં તો હુવર ઊભા થઈ ગયા અને ઈગ્નેન્સીનો આભાર માનવા લાગતા જણાવ્યું કે વર્ષો પહેલાં ૨૦૦૦ ડોલર્સની જે બે યુવાનોને મદદ કરેલી તેમાંનો એક યુવાન એટલે હર્બટ હુવર એને સમયસર મળેલી મદદના કારણે જ તે ભણવાનું પૂરું કરી શક્યો અને આજે અમેરિકાના પ્રેસિડન્ટનું સ્થાન શોભાવે છે.

આ સાંભળીને ઈગ્નેન્સી પણ બહુ લાગણીશીલ થઈ ગયો. હુવરને વર્ષો પહેલાં એજ્યુકેશનમાં મદદ કરેલી તેવી જ આજે આર્થિક રાજકીય પરિસ્થિતિમાં હુવરે પોલેન્ડને મદદ કરી તેનું ઋણ ચૂકવેલું હતું. આમ કર્યું ક્યારેય ફોગટ જતું નથી. તેથીજ જીવનમાં જેમ ફાઈનાન્સિયલ ઈન્વેસ્ટમેન્ટ જરૂરી છે, તેના કરતાં વિશેષ ''Good Dids'' નું Investment જરૂરી છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું પણ કહેવું છે કે;

**"It's Every mans obligation to put book in to the World atleast the equivalent of what he tax out of it"**


### સુવર્ણ તક વિભાગ

### નોકરી જોઈએ છે

- **વનીતા હીરેન્દ્રભાઈ શાહ** - ૦૬-૦૫-૨૦૮૧ HSC ખેતરપાળનો પાડો - ભાયંદર મો. ૯૮૬૭૦૭૫૭૩૩
- **છાયાબેન જયંતિલાલ દલાલ** - ડાયમંડ એસોર્ટર વાગોળનો પાડો - ચોપાટી - ટેલિ. ૨૩૬૯૫૫૩૧
- **અંજલી ધનેશભાઈ ઝવેરી** - ૫૩ વર્ષ B.Com મારફતિયા મહેતાનો પાડો - મો. ૯૯૩૦૪૮૮૯૩૩

# Art of Leading
# Meet to Meet

તા.૨૬મી જૂનના રોજ ઓવરનાઈટ પિકનીક વીથ Art of Leading & Meet to Meet એક ખૂબજ અનોખો વૈવિધ્યસભર અને માહિતી સભર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. જેમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વ હોદ્દેદારો તેમના સ્પાઉસ સાથે, તેમજ અન્ય આમંત્રિત મહેમાનો સાથે અંદાજિત ૧૭૫ થી વધારે મેમ્બરો, લિડર્સો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. બે એસી બસ અને પોત-પોતાના વાહનો દ્વારા મેમ્બરોએ સવારે હોટલ જલારામ કાઠિયાવાડ ખાતે વિવિધ વાનગીઓ સાથે બ્રેક ફાસ્ટનો આનંદ માણ્યો હતો.

રીસોર્ટમાં સંસ્થાના બધાજ ઓફિસ બેરર દ્વારા પ્રમુખ શ્રી દાનેશભાઈના નેતૃત્વમાં સંપૂર્ણ માર્ગદર્શન અને સહયોગથી અત્યંત ઉષ્માભર્યું આતિથ્ય કરવામાં આવ્યું હતું. આવનાર દરેક મેમ્બરો માટે શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર કાર્યક્રમ વિથ વર્કશોપ સમાન બિલકુલ ફ્રી ઓફ કોસ્ટનું આયોજન કરીને સમાજમાં લોકોને આશ્ચર્યચકિત કરી દીધા.

સહુ પ્રથમ **પ્રમુખ શ્રી દાનેશભાઈએ** સહુનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. 'ગેમ્સ સાથે વર્કશોપ'ની જ્ઞાન સભર માહિતી આપી કમિટિમાં બધા સભ્યોને સંસ્થા પ્રત્યે અને સમાજના લોકો માટે શું કાર્ય કરવાનું અને **''ટીમવર્ક''ની નૂતન વ્યાખ્યા** બતાવી માર્ગદર્શન આપ્યું હતું.

વિવિધ કમિટિના આગેવાનોએ પોતાની શૈલીમાં તેમની કમિટીની કાર્યવાહી વિશે માહિતી આપી હતી. ખુલ્લા દિલે બધા જ એકમેકને મળ્યા અને ગમતાનો ગુલાલ કર્યો.

લંચ, હાઈ-ટી, ડીનરની ભાવતા ભોજનની સુંદર વ્યવસ્થા, સમજી કાર્યક્રમનું આયોજન તથા બ્રેકફાસ્ટથી લઈને દરેક દરેક સભ્યોને રૂમની વ્યવસ્થા સાથેનાં સંપૂર્ણ શાનદાર આયોજન માટે **સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ, માનદમંત્રી એડમિનિસ્ટ્રેશન શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ તથા શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહને** જેટલાં અભિનંદન આપીએ તેટલા ઓછાં પડે તેમ છે. **ઉપપ્રમુખો શ્રી હિતેનભાઈ શાહ, શ્રી રાજુભાઈ શાહ, શ્રી રોહીતભાઈ શાહ. એડમીન સેક્રેટરી શ્રી અમીતભાઈ શાહ** સાથે બધાંજ ઓફિસ બેરરના અથાગ પ્રયત્નોથી આ કાર્યક્રમને અદ્‌ભુત સફળતા સાથે એક યશકલગીમાં ઉમેરો થયો છે. યાદગાર પ્રસંગ બની રહ્યો

શ્રી પાટણ જૈન મંડળની ઓફિસમાંથી આપણા સહુના માનીતા માનનીય તેવા મેનેજર **શ્રી જોષીભાઈની ૬૧ વર્ષની અવિરત સેવાને તથા શ્રી જ્ઞાનેશભાઈની ૪૨ વર્ષની અવિરતપણે** જે કાર્ય કરી રહ્યા છે તે માટે તેઓની પ્રસંશા કરીને બિરદાવતા દરેકે સ્ટેન્ડીંગ ઓવેશન આપી હતી.

રાત્રે શાનદાર, ધમાકેદાર મ્યુઝિકલ પ્રોગ્રામ સહુએ માણ્યો એટલું જ નહીં પણ સંગીતના સૂરો સાથે નાચીને સહુ ઝૂમી ઉઠ્યા. જેમાં મુખ્ય આકર્ષણ આપણા સમાજના કેશૂશેઠના પાડાના **શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા** દ્વારા સેક્સોફોન ઉપર રજુ થયેલ ચાર કર્ણપ્રિય ગીતોથી સૌ ઝુમી ઊઠ્યા હતાં, વધુમાં તેઓશ્રીએ સંસ્થાના સમાજ ઉત્કર્ષ ભેટ ખાતે રૂા. ૯ લાખની સખાવત સમર્પિત કરેલ છે.

પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહે સહુનો વિશેષ આભાર માન્યો હતો અને પોતાના મનોભાવ રજુ કરતા જણાવ્યું હતું કે **'સબ કા સાથ, પાટણ સમાજ કા વિકાસ'** નિ:સ્વાર્થ ભાવે બધાજ તન-મન-ધનથી સમય કાઢીને જે રીતે કામ કરી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

બીજે દિવસે સવારે પાછા ૯ વાગે ખૂબજ ઉત્સાહિત થઈ સૌ ફર્યા હતા.


જુન-૨૦૨૨, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | | | |
|---|---|---|---|
| Pack Print Ind., (અબજી મહેતાનો પાડો) | ૭,૦૦,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાશી જૈન શ્રાવક સંઘ (વાલકેશ્વર) | ૧૫,૦૦૦ |
| હ. શ્રી હસમુખભાઈ, શ્રી પ્રકાશભાઈ | | શ્રી ધીરેનભાઈ હસમુખભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી જીનાજ્ઞા આરાધક શ્વે. મુ. જૈન સંઘ - ગોરેગામ (વે) | ૧,૫૦,૦૦૦ | શ્રી પંકજભાઈ જયંતિલાલ શાહ (તંબોલીવાડો, તારદેવ) | ૧૧,૦૦૦ |
| ચિ. ઝીલ નિલેશભાઈ શાહની દિક્ષા નિમિત્તે | | શ્રીમતી નિતાબેન વિક્રમભાઈ શાહ (મલબાર હીલ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો) | ૭૬,૨૨૦ | શ્રીમતી મંજુલાબેન જિતેન્દ્રભાઈ કેશવલાલ શાહ (ગોરેગામ) | ૧૧,૦૦૦ |
| શ્રી મહેશભાઈ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૭,૦૦૦ | શ્રી બીપીનભાઈ પ્રેમચંદ શાહ (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| Do It Empex Pvt. Ltd. (ગોરેગામ) | ૩૧,૦૦૦ | શ્રીમતી નિરૂબેન હસમુખલાલ નેમચંદ શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી અન્વીબેન હિતનભાઈ શાહ (વખતજીની શેરી) | ૩૦,૦૦૦ | શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ (સાયન) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રવિણચંદ્ર એમ. શાહ (નિશાળનો પાડો) | ૨૫,૦૦૦ | શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી અરૂણાબેન હેમેન્દ્રભાઈ શાહ (કુંભારીયા પાડો, પાર્લા) | ૨૧,૦૦૦ | શ્રીમતી નિરંજનાબેન દિનેશભાઈ શાહ (કનાસાનો પાડો, તારદેવ) | ૧૧,૦૦૦ |
| હ. શ્રી દેવાંગભાઈ સમીરભાઈ | | Polithine Printing & Sealing Work (અબજી મહેતાનો પાડો) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી નેહાબેન ભાવેશભાઈ શાહ | ૨૦,૦૦૦ | શ્રીમતી બીનાબેન પ્રણયભાઈ શાહ (ડંકમહેતાનો પાડો(બોરીવલી) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## સાભાર સ્વીકાર

**જીવન નિર્વાહ ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)

**શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ :**

૪,૦૦,૦૦૦/- શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ (વખતજીની શેરી)

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૫,૦૦,૦૦૦/- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ (ખજૂરીનો પાડો)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી દત્તાબેન નિર્મળભાઈ હરસુખલાલ શાહ
 હ. શ્રી અક્ષત તથા શ્રી ગૌરવ શાહ
(લખિયારવાડો / કનાસાનો પાડો)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી સુહાની હર્ષિલભાઈ શાહ (મહાદેવાજીની શેરી)
હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ

૧,૨૫,૦૦૦/- શ્રી હર્ષિલભાઈ ધીરેનભાઈ શાહ (મહાદેવાજીની શેરી)
હ. શ્રી ધીરેનભાઈ પ્રવીણચંદ્ર શાહ

૧,૨૫,૦૦૦/- શ્રી શ્રેણિકભાઈ રસિકલાલ શાહ (મહાદેવાજીની શેરી)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી રશ્મિકાબેન ભરતભાઈ શાહ
હ. શ્રી મીહીરભાઈ ભરતભાઈ શાહ (ચોધરીની શેરી)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી જ્યોતિબેન લલિતકુમાર શાહ (લીમડીનો પાડો)

૫૧,૦૦૦/- શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

૩૧,૦૦૦/- શ્રી દિપીકાબેન એવંતીલાલ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી ભગુભાઈ ડાહ્યાભાઈ શાહ (કનાસાનો પાડો)
હ. ચિ. ફ્રેયા અમીશભાઈ ભગુભાઈ શાહ

૧,૨૫,૦૦૦/- શ્રી અભયભાઈ જયંતિલાલ પટણી
હ. શ્રી અનીષભાઈ અભયભાઈ પટણી
(મનમોહનજીની શેરી)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન અભયભાઈ પટણી
હ. શ્રીમતી ચાર્મીબેન અનીષભાઈ પટણી
(મનમોહનજીની શેરી)

૧,૨૫,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ
હ. શ્રી જીનેશભાઈ નવનીતલાલ શાહ
(મણિયાતી પાડો)

૧,૨૫,૦૦૦/- શ્રી પિયુષભાઈ રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરીવાડો)

૧,૨૫,૦૦૦/- શ્રી વિમલભાઈ રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરીવાડો)

૨૪,૦૦૦/- શ્રી પ્રજ્ઞાબેન દિનેશભાઈ શાહ (કનાસાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ / મેડિકલ સહાય ભેટ**

૧,૨૫,૦૦૦/- શ્રી ચીરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી નીરૂબેન બાપુલાલ શાહ (ઢંઢેરવાડો)
હ. શ્રી વિશાલભાઈ બાપુલાલ શાહ

**મેડિકલ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી હરેશભાઈ ચંદુલાલ શાહ (મહાદેવાજીની શેરી)

૫,૦૦૦/- શ્રીમતી મનીષાબેન કેતનભાઈ શાહ
ચિ. શ્વેતાના લગ્ન પ્રસંગે (શામળાજીની શેરી)

**ભુલસુધાર :** પાટણ પ્રતિબિંબમાં જુન ૨૦૨૨માં સાભાર સ્વીકારમાં મેડિકલ /વૃદ્ધજન સહાય ભેટમાં રૂા. ૧,૨૫,૦૦૦/- શ્રીમતી પ્રીતિબેન નીતીનભાઈ શાહ (લખિયારવાડો) હ. **શ્રી મહેક કલ્પેશભાઈ શાહ** સુધારીને વાંચવા વિનંતી.

## નોકરી ખાલી છે

મંડળના મુખ્ય કાર્યાલય માટે ગુજરાતી - અંગ્રેજી ભાષાનું તેમજ કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા ક્લેરીકલ કામ માટે ભાઈની ફુલટાઈમ માટે જરૂરિયાત છે.

**માનદમંત્રી (એડમિનિસ્ટ્રેશન)**

શ્રી પાટણ જૈન મંડળ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦

અરજદારે પોતાની અરજી રૂબરૂ - કુરિયર કે Email: patanmandal@gmail. com થી મોકલવી.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | નરેન્દ્રભાઈ મંગળદાસ શાહ | ૭૮ | બોરીવલી | ૦૨-૦૭-૨૨ | અષાઢ સુદ ૦૩ |
| વિશા પોરવાડ | ડંક મહેતાનો પાડો | અતુલભાઈ રસિકલાલ શાહ | ૬૭ | અમદાવાદ | ૦૫-૦૭-૨૨ | અષાઢ સુદ ૦૬ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | સુરેશભાઈ મણિલાલ ઝવેરી | ૭૪ | નેપિયન્સી રોડ | ૧૨-૦૭-૨૨ | અષાઢ સુદ ૧૪ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## શ્રી પાટણ જૈન મંડળ

### ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૧.૨૫ લાખનું દાન આપનાર દાતાઓ




શ્રી ઝીલ નિલેશભાઈ
શાહ (વખતજીની શેરી)



શ્રી સતીષભાઈ ચંદુલાલ
શાહ (ઝવેરીવાડો)



શ્રી શૈલેષભાઈ જયંતિલાલ
શાહ (અબજી મહેતાનો પાડો)



શ્રી હરેશભાઈ ચંદુલાલ
શાહ (મહાદેવાજીની શેરી)



શ્રીમતી નીરૂબેન બાપુલાલ
શાહ (ઢંઢેરવાડો)




શ્રીમતી સુહાની હર્ષિલભાઈ શાહ
(મહાદેવાજીની શેરી)



શ્રી હર્ષિલભાઈ ધીરેનભાઈ શાહ
(મહાદેવાજીની શેરી)



શ્રી ચીરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ
(કેશુશેઠનો પાડો)



શ્રી મીહીરભાઈ ભરતભાઈ શાહ
(ચોધરીની શેરી)

# SAVE THE DATE
# 25-09-2022 - TRADE FAIR


## KPs Foodss


FOODSS

Spices, Ready Mixes, Catering Services & More

100 % VEG
FSSAI REGD.

*Celebrate this Festive Season With Us....*

HAPPY RAKSHA BANDHAN





- Homemade Delite Jar Cake – Chocolate, Red-Velvet, Vanilla
- Homemade Luxury Chocolates
- Chocolate Paan
- Chocolate Mousse
- Gift Hampers
- Party / Catering Orders



MAHA PARYUSHAN PARVA

- Tiffin for 7 days of Paryushan (excl. Samvatsari)
  1) Lite Tithi Tiffin @ Rs.150/- ( for 7 days @ Rs.900/- )
  ( 1 Kathol/ Dal, 1 Sabji, 6 Rotis / Puris, Rice )
  2) Premium Tithi Tiffin @ Rs.250/- ( for 7 days @ Rs.1,500/- )
  ( 1 Kathol/ Dal, 1 Sabji, 6 Rotis / Puris, Rice, Farsan, Sweet )
  3) Chauvihar Tiffin @ Rs.110/- ( for 7 days @ Rs.660/- )
  ( 1 Main Dish & Accompaniment )
- Sp. Paryushan Naashta & Ready-mix powders
- Party / Catering Orders for Paarna Paancham

ADVT

Retail and Wholesale Orders Accepted !! ORDER NOW !! Mob : +91 9769693096 | +91 7506587631

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB • July 2022 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી પાટણ જૈન મંડળ

## જીવન નિર્વાહ સહાય યોજના



શ્રી વિનોદચંદ્ર ડાહ્યાભાઈ શાહ
(માટલીવાલા) (કનાસાનો પાડો)

### રૂા. ૩૧ લાખના મુખ્યા દાતા

શ્રી અતુલભાઈ ચંદ્રકાંત શાહ પરિવાર (અબજી મહેતાનો પાડો)
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

### રૂા. ૧૧ લાખના સહાયક દાતા

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા પરિવાર (કનાસાનો પાડો)
શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ પરિવાર (કપુર મહેતાનો પાડો)

### ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૯ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)
શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)
શ્રી રમણલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ (ચીતારાની ખડકી)
શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
શ્રી સૌરીનભાઈ રાજેશભાઈ શાહ (ઢંઢેરવાડો)
શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ (ભાભાનો પાડો)
સેવંતીલાલ કાંતિલાલ પરિવાર (કુંભારીયા પાડો)
શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ (પોળની શેરી)
શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ (ખજુરીનો પાડો)
બાબુ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

### ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૫ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ (કલકતાવાળા)
શ્રી પ્રવિણચંદ્ર વૃજલાલ શાહ (મંત્રી)

### ''નૂતન સમાજ ઉત્કર્ષ સહાય ફંડ યોજના'' રૂા. ૧.૨૫ લાખનું દાન નોંધાવનાર દાતાઓ

શ્રી નિર્મલભાઈ હરસુખલાલ શાહ (લખિયારવાડો)
શ્રી શ્રેણિકભાઈ રસિકલાલ શાહ (મહાદેવાજીની શેરી)
શ્રી નિતિનભાઈ પ્રવિણચંદ્ર શાહ (લખિયારવાડો)
શ્રીમતી પ્રિતીબેન નિતિનભાઈ શાહ (લખિયારવાડો)
શ્રી પિયુષભાઈ રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરીવાડો)
શ્રી વિમલભાઈ રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરીવાડો)
શ્રી ચિરાગભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
શ્રીમતી જ્યોતીબેન લલિતકુમાર શાહ (લીમડીનો પાડો)
શ્રીમતી નીરૂબેન બાપુલાલ શાહ (ઢંઢેરવાડો)

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,